# ઓક્ટોબર-2021

# પરિષદવૃત્ત

**સંકલન : કીર્તિદા શાહ**

નમસ્તે મિત્રો,

આપ સૌને શુભકામનાઓ.

આપ પરિષદના આજીવન સભ્યો છો. આપણે આજીવન સભ્યપદ સુધારણાનું અભિયાન શરુ કર્યું છે અને સુધારણા ફોર્મ ‘પરબ’ના પ્રત્યેક અંકમાં પ્રકાશિત કરીએ છીએ. આપ સૌને સાદર વિનંતી છે આપ આપનું ફોર્મ પરિષદમાં ભરીને મોકલી આપશો. કેટલાક મિત્રોના સરનામાં બદલાયા છે એની પરિષદને જાણકારી મળે અને આપણે સાચા રસ્તે કામ કરી શકીએ એ માટે ફોર્મ ભરવું જરૂરી છે.

સાહિત્યપ્રવૃત્તિઓ પરિષદ કરતી રહે છે. પ્રસ્તુત સંદર્ભમાં સાહિત્યપરિષદની વિવિધ વ્યાખ્યાનશ્રેણીઓ અંતર્ગત પ્રસારમંત્રીએ વિવિધ સંસ્થાઓને સાથે રાખીને વ્યાખ્યાનોનું આયોજન કર્યું છે. સપ્ટેમ્બર મહિનામાં તારીખ ૪, ૮, ૯, ૧૨, ૨૩, ૨૫ના રોજ થયેલાં વ્યાખ્યાનોની વિગતો નીચે મુજબ છે.

૧) વ્રજલાલ દવે(શિક્ષણ) વ્યાખ્યાનમાળા : વક્તા:શ્રી કાર્તિકેય ભટ્ટ
વિષય: ભાષાસાહિત્યનું શિક્ષણ-સજ્જતાના સંદર્ભે

૨) વ્રજલાલ દવે (સાહિત્ય) વ્યાખ્યાનમાળા : વક્તા : શ્રી નરેશ વેદ
વિષય: સાહિત્યની વિભાવના

૩) શ્રી ઉશનસ્ વ્યાખ્યાનમાળા : વક્તા :મણિલાલ હ. પટેલ
વિષય: અનુઆધુનિક ગુજરાતી કવિતામાં લોક

૪) વિશ્વનાથ મ. ભટ્ટ વ્યાખ્યાનમાળા : વક્તા : હેમન્ત દવે
વિષય: સાહિત્યનો ઇતિહાસ

૫) જયંતી એમ.દલાલ વ્યાખ્યાનમાળા : વક્તા : રાકેશ દેસાઈ
વિષય: સાહિત્યમાં નારીવાદી અભિગમ : વર્જિનિયા વુલ્ફની
અ રૂમ ઑફ વન્સ ઑન

૬) કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા :વક્તા : મીનળ દવે
વિષય: ગુજરાતી સ્ત્રીઓની આત્મકથામાં ઉપસતું સમાજજીવન

પ્રસ્તુત કાર્યક્રમમાં પરિષદના સહયોગમાં જે સંસ્થાઓ અને સંસ્થાઓના અધ્યાપકશ્રીઓ તથા આયોજકો રહ્યા છે તે સૌ પ્રત્યે પરિષદ આભારની લાગણી વ્યક્ત કરે છે. વ્યાખ્યાન આપનારા વક્તાઓના સહકારનો પણ આનંદ છે.

પ્રતિમાસ વિકાસમંત્રી દ્વારા ઑનલાઈન યોજાતા ‘વાર્તા રે વાર્તા કાર્યક્રમ’ અંતર્ગત ૯ સપ્ટેમ્બરે વાર્તાકાર શ્રી દક્ષા વ્યાસ અને શ્રી કિરીટ દૂધાતની વાર્તાઓનું પઠન ક્રમશ: શ્રી યામિની વ્યાસ અને શ્રી નરેશ કાપડિયાએ કર્યું. બન્ને સર્જકોએ પોતાની કેફિયત રજૂ કરી. બન્ને વાર્તાકારો અને પઠન કરનાર મિત્રો પ્રત્યે આભારની લાગણી અનુભવીએ છીએ.

પરિષદ સાથે આપણે સૌ સતત સંસર્ગમાં રહીએ અને સાહિત્યનો આનંદ પરસ્પરને આપતા રહીએ. શુભકામનાઓ.